# જન્મદિને વધામણી



કશિશ પંકજકુમાર મેસરવાલા
મો. ૯૭૧૨૪ ૬૦૭૪૬



નીરંજના પ્રદીપસિંહ બિહોલા
ટ્રસ્ટી, સરસ્વતી વિદ્યાલય, સે-૬
મો. ૯૯૦૯૪ ૧૨૨૬૯



દિયા સંજય મોડ
મો. ૯૮૨૪૫ ૯૨૨૨૨



નટવરલાલ જે સોલંકી
પૂર્વ પ્રમુખ, ગૂર્જર ક્ષત્રિય કડિયા સમાજ
મો. ૯૯૨૪૨ ૯૨૪૪૦



જશીબેન આર શ્રીમાળી
મો. ૯૭૧૪૫ ૦૧૩૧૮



ચંદ્રેશ એ પટેલ
મહામંત્રી, ધી સચિવાલય સહકારી ઉપહાર ગૃહ
મો. ૯૪૨૭૦ ૧૧૧૪૫



પ્રથમ રાજુ ઠક્કર



રાજ તુષારકુમાર ખન્ના



વિવેક રાઠોડ
મો. ૮૮૬૬૧ ૦૧૪૩



છાલા સ્થિત કે એમ શાહ હાઈસ્કૂલ ખાતે જિલ્લા કક્ષાની ગર્લ્સ વૉલીબૉલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધાની ઓપન કેટેગરીમાં પ્રથમ ક્રમે ચરાડાની ટીમ, દ્વિતિય ક્રમે વલાદની ટીમ અને અન્ડર-૧૬ વિભાગમાં પ્રથમ ક્રમે ચરાડાની ટીમ અને દ્વિતિય ક્રમે છાલાની ટીમ વિજેતા બની હતી. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલમાંથી ઊર્જા બચત પખવાડિયાની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૧

કેન્દ્ર સરકારની સંસ્થા પેટ્રોલીયમ કન્ઝર્વેશન રીસર્ચ એસોસીએશન દ્વારા ઉર્જા બચત પખવાડિયાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણીના ભાગરૂપે ૨૩ જાન્યુઆરી ૨૦૧૬ના રોજ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત 'શ્રીમતી આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલ' ખાતે ગેલ ઈન્ડિયા લ.ના સંયુકત ઉપક્રમે 'યુથ પ્રોગ્રામ'નું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રોગ્રામ દરમિયાન પી.સી.આર.એ., અમદાવાદના ફેકલ્ટી રાજેશ્રીબેન વાર્ષ્ણેય દ્વારા પેટ્રોલ, ગેસ જેવી કુદરતી સંપત્તીની બચત અંગે વિગવતાર માહિતી આપવામાં આવી હતી. વર્કશોપ દરમિયાન 'કાર પૂલ એન્ડ સેવ પેટ્રોલ' લઘુ ફિલ્મ પણ દર્શાવવામાં આવી હતી. કાર્યક્રમના ભાગરૂપે ઉર્જા બચત આધારિત 'ચિત્ર સ્પર્ધા'નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ચિત્ર સ્પર્ધામાં પ્રથમ, દ્વિતિય, તૃતીય, ચતુર્થ, પાંચમા અને છઠ્ઠા સ્થાને આવનાર વિજેતાઓને ગેલ ઈન્ડિયા લી. તરફથી પુરસ્કાર આપવામાં આવ્યા હતા. શાળાના આચાર્યા દશરથભાઈ પટેલ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવા બદલ પી. સી. આર. એ.ના ફેકલ્ટી રાજેશ્રીબેન વાર્ષ્ણેય તેમજ ગેલ ઈન્ડિયા લી.ના મેનેજર સકસેના સાહેબના પ્રયાસોને બિરદાવવામાં આવ્યા હતા અને જણાવ્યું હતું કે પ્રોગ્રામમાં આપવામાં આવેલ માહિતી વિદ્યાર્થીઓને માહિતીપ્રદ તેમજ ઉપયોગી બનશે. કાર્યક્રમનું સંકલન શાળાના શિક્ષક આશીષભાઈ પટેલે કર્યું હતું.

# સુરેલા પ્રાથમિક શાળા ખાતે બેટી બચાવો-બેટી પઢાવો કાર્યક્રમ



સુરેલા (પેથાપુર) પ્રાથમિક શાળા ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે 'બેટી બચાવો' 'બેટી પઢાવો' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ગામની ઉચ્ચ અભ્યાસ કરેલી દિકરી સુમનબાને અતિથિ તરીકે નોતરી તેનું સન્માન કરવામાં આવ્યું હતું. શાળાના બાળકો દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે એસ.એમ.સી. અધ્યક્ષ સુધાબા, ઉપાધ્યક્ષ ગીરીશસિંહ વાઘેલા શાળાના આચાર્ય કાળાભાઈ પટેલ, ગામના અગ્રણી અર્જુનિસંહ વાઘેલા, ગામના આગેવાનો, એસ.સ.એમ.સી. સભ્યો, ગ્રામજનો, શાળા સ્ટાફ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

# પી કે ચૌધરી કૉલેજનો વિવિધ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા. ૧

સ્વામી ચિદાનંદજી જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈને શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજની વિદ્યાર્થીનીઓએ ઈનામો પ્રાપ્ત કર્યાં હતાં. કૉલેજની કબડ્ડીની ટીમે દ્વિતિય વિજેતાક્રમ પ્રાપ્ત કરી રૂા. ૬ હજારનું ઈનામ મેળવ્યું હતું. ચિત્ર સ્પર્ધામાં 'પર્યાવરણ બચાવો' વિષય પર પ્રિન્સી ભગતે તૃતિય ક્રમનું વિજેતાપદ અને રૂા. ૨૧૦૦નું ઈનામ પ્રાપ્ત કર્યું હતું. શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધામાં 'મન અને શરીરને જાગૃત કરવું' વિષયે વક્તવ્ય આપી રૂપાલી તિવારીએ તૃતિય ઈનામ તરીકે રૂા. ૧ હજાર પ્રાપ્ત કર્યા હતા.

સૌ વિજેતા વિદ્યાર્થીનીઓને સાંસ્કૃતિક કમિટિના પ્રા. સોનલ મોદી અને આચાર્ય ઊર્મિલાબેન ચૌધરી દ્વારા બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં તાલુકા કક્ષાની ચેસ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ખાતે તાલુકા કક્ષાની ચેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

અન્ડર-૯, અન્ડર-૧૧, અન્ડર-૧૩, અન્ડર-૧૬, એબવ-૧૬, એબવ-૪૫, એબવ-૬૦ એમ સાત ગૃપમાં આ સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં ગાંધીનગર તાલુકાના ૩૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલની ખુશાલી યુ સોની અન્ડર-૧૧ જૂથમાં બીજા, ટ્વીન્કલ એસ ખાંટ ત્રીજા અને ભૂમિકા યુ સોની અન્ડર-૧૬ વિભાગમાં બીજા સ્થાને વિજેતા બની હતી. વિજેતા ખેલાડીઓને શાળા પરિવાર તરફથી બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્કીન-૧**
ઍરલિફ્ટ
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

**સ્કીન-૨**
મસ્તીજાદે (એ)
૧૨.૩૦, ૩.૧૫, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૧૫

**સ્કીન-૩**
ઍરલિફ્ટ
૧૨.૪૫
સાલા ખડૂસ
૩.૦૦, ૫.૩૦, ૭.૩૦, ૧૦.૦૦

**સ્કીન-૪**
ક્યા કૂલ હૈ હમ-૩ (એ)
રાત્રે ૧૦.૦૦
મસ્તીજાદે (એ)
૧.૩૦, ૬.૩૦
સાલા ખડૂસ
૧૦.૦૦

**સ્કીન-૫**
ઍરલિફ્ટ
૩.૪૫
મસ્તીજાદે (એ)
૧૦.૦૦
સાલા ખડૂસ
૧૨.૩૦



ગાંધીનગર કલ્પતરુ દ્વારા દહેગામ તાલુકાના દેવકરણ મુવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે શાળા આરોગ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આરોગ્ય કાર્યક્રમ દરમિયાન કુલ ૬ શાળાના ૭૦૦થી વધુ વિદ્યાર્થીઓને તપાસીને દવા આપવામાં આવી હતી. જેમાં ગજાનન સેવા સમિતિના ડૉ. જયંત તટ્ટુ, ડૉ. પ્રવિણ બોધાણી તથા ડૉ. અતુલ પંડયાએ સેવા આપી હતી.

# વસંતકુંવરબા કન્યા વિદ્યાલય ખાતે દેશભક્તિ ગીતોનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧

બા શ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલય ખાતે વિદ્યાલય અને જ્યોતિ મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે દેશભક્તિનાં ગીતોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સુંદર ગાયકી ઉપરાંત દેશભક્તિની ભાવના અભિવ્યક્ત કરી હતી. જ્યોતિ મહિલા મંડળનાં પ્રમુખ ચેતનાબેન બુચ, ઉપપ્રમુખ પુષ્પાબેન મહેતા, અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘના પ્રમુખ શર્મિષ્ઠા દવે આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં. પ્રાથમિક વિભાગમાં હાઉસ નં. ૪ પ્રથમ ક્રમે વિજેતા બન્યું હતું. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાંથી 'કશ્મીર ભારતનો કહેવાય...' ગીતને વિજેતા જાહેર કરવામાં આવ્યું હતું.

પ્રાથમિક વિભાગને બે ટ્રોફી તેમજ માધ્યમિક અને ઉચ્ચર માધ્યમિક વિભાગને બે ટ્રોફી ઈનામ તરીકે પ્રાપ્ત થઈ હતી. દક્ષાબેન તેમજ સાળા પરિવાર તરફથી ભાગ લેનાર અને વિજેતા વિદ્યાર્થીનીઓને બિરદાવવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રજ્ઞાબેન ત્રિવેદીએ કર્યું હતું. માધ્યમિક વિભાગનાં આચાર્ય મૃદુલાબેન અને પ્રાથમિક વિભાગનાં આચાર્ય રીટાબેને કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઊઠાવી હતી.

# ગુજરાત રાજ્યના લોકો ખૂબ જ મિલનસાર છે





તાાજેતરમાં ઈન્ટરસ્ટેટ યુથ ઍક્સચેન્જ એન્ડ હોમ સ્ટે કાર્યક્રમ અંતર્ગત ભારતનાં ઉત્તર-પૂર્વ રાજ્યો મેઘાલય, મણિપુર, મિઝોરમ, આસામ, સિક્કીમ, ત્રિપુરાના યુવાનોએ ગાંધીનગરની મુલાકાત લીધી હતી.

નહેરુ યુવા કેન્દ્ર દ્વારા એનએસએસના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમ યુથ હૉસ્ટેલ ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો, જે પ્રસંગે સનદી અધિકારી જયંતિ રવિ ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે યુવાનોને પ્રોત્સાહિત કરતાં ભારતની પ્રગતિમાં યુવાઓની શું ભૂમિકા હોવી જોઈએ, તે અંગે વિગતે વાત કરી હતી. ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર કાર્તિક પટેલે સ્વચ્છતા સાથે સ્વાસ્થ્ય અંગે પણ જાગૃતિ માટે સજાગ અને પ્રયત્નશીલ રહેવાની શીખ યુવાનોને આપી હતી.

યુવા દિશા કેન્દ્રના સંજીવ મહેતાએ યુવા ગીત રજૂ કરી વિદ્યાર્થીઓનો જોમ અને જુસ્સો વધાર્યો હતો. એનએસએસના અધિકારી કમલકરજી તેમજ શ્રી અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કોલેજના એનએસએસ પ્રોગ્રામ ઓફિસર રણછોડભાઈ રથવીએ પણ યુવાઓને સંબોધિત કરીને એમને પ્રોત્સાહિત કર્યા હતા.

ઉત્તરપૂર્વીય રાજ્યોના આ યુવાઓને છ દિવસના આ કાર્યક્રમ દરમ્યાન નહેરુ યુવા કેન્દ્રના રિજનલ ડિરેક્ટર કમલ કુમાર કર, અમૃત મોદી ઈન્સ્ટીટ્યુટ ઑફ મેનેજમેન્ટનાં ઋચિ તિવારી, મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ પ્રૉ. મૌલિક શાહ, માઈકાના મોડરેટર રઘુ, ટ્રેનર ડૉ. દીપક તેરૈયા, આરટીઆઈ એક્ટીવિસ્ટ હરિશ પંડ્યા, આઈઆઈએમએના ધીરજ શર્મા, ડૉ. ચિરાગ ત્રિવેદી, ગૂજરાત વિદ્યાપીઠના ડૉ. પ્રેમાનંદ મિશ્રા, ડૉ. રાજેન્દ્ર ખીમાણી, ઈસરોના વિજ્ઞાની શરદ શુક્લા, આઈઆઈઍમએના પ્રૉ. અનિલ ગુપ્તા, ડીડી ન્યૂઝના ડિરેક્ટર ધર્મેન્દ્ર તિવારી, એનસીબીના ડિરેક્ટર હરિઓમ ગાંધી તથા સંગીત નાટક અકાદમીના ચેરમેન યોગેશ ગઢવી સાથે મુલાકાત કરી હતી તથા તેમનાં ઉપયોગી વક્તવ્યો સાંભળ્યાં હતાં.

એ ગાંધીનગરનાં મહત્ત્વનાં સ્થળો ઉપરાંત અમદાવાદમાં આઈઆઈએમ, ગૂજરાત વિદ્યાપીઠ જેવાં સ્થળોની મુલાકાત લીધી હતી અને રાજ્યની સાંસ્કૃતિક વિકાસની સ્થિતિનો તાગ મેળવવાનો હકારાત્મક પ્રયાસ કર્યો હતો. આવા પ્રકારના વિકાસની પ્રક્રિયા તેઓ પોતાનાં રાજ્યોમાં પણ આરંભી શકે એ આ કાર્યક્રમનો હેતુ હતો.



ગુજરાતના લોકો ખૂબ જ મિલનસાર છે, તેઓ જલ્દીથી પારકાંને પોતાનાં બનાવી લે છે એવું આ યુવાઓએ જણાવ્યું હતું. અહીંનું ભોજન ખૂબ સ્વાદિષ્ટ છે અને જમવામાં આટલી બધી વાનગીઓ એકસાથે જોઈને નવાઈ લાગે છે, એવો મત પણ તેમણે પ્રગટ કર્યો હતો. 'અમારાં રાજ્યોમાં છોકરીઓના પરિવેશમાં બહુ ફેરફાર નથી, પરંતુ અહીંની છોકરીઓ ફૅશન પ્રત્યે વધુ સજાગ છે.

દેશના વિકાસમાં યુવાઓની શું ભૂમિકા હોવી જોઈએ એ બાબતે પોતાનો મત પ્રગટ કરતાં આ યુવાઓએ જણાવ્યું હતું કે, સ્વચ્છતા અભિયાનથી બદલાવ જરૂરથી લાવી શકાય. વિશ્વ આખું મહાત્મા ગાંધીના ભાઈચારા અને અહિંસાના વિચારોનો અપનાવવાની વાતો કરે છે, ત્યારે એનું મહત્ત્વ સમજી આપણા દેશના યુવાઓએ પણ આ વિચારોને કેન્દ્રસ્થાને રાખી દેશની પ્રગતિની દિશામાં આગળ વધવું જોઈએ.

આજનો યુગ સોશિયલ મીડિયાનો યુગ છે, જે દ્વારા ન માત્ર સારા વિચારો પરંતુ સારાં સામાજિક કાર્યોની માહિતીનું આદાનપ્રદાન પણ ખૂબ જ ઝડપથી, અસરકારકતાથી થઈ શકે છે.

અંગ્રેજી અને હિન્દી ભાષાના જાણકાર આ યુવાઓ ગુજરાતમાં પોતાના પ્રવાસ દરમ્યાન થોડા ગુજરાતી શબ્દોથી પરિચિત થયા હતા અને ગુજરાતની વિકાસયાત્રા તેમજ શિસ્તબદ્ધતાથી ખૂબ જ પ્રભાવિત થયા હતા.

**(મુલાકાત અને તસવીરો : કશ્યપ નિમાવત)**





ટેનીસ સ્ટડી ટૂર, ઓસ્ટ્રેલિયા, વર્લ્ડવાઈડ કોચીસ વર્કશોપ, થાઈલેન્ડ, એશીયન કોચીસ વર્કશોપ, દુબઈ, યુએઈ અને સ્પોર્ટ્સ સાયકોલોજી એસોસિએસન ઓફ ઈન્ડિયાના સભ્ય ડૉ. એમ સ્ટેલીને ગાંધીનગર બ્રહ્માકુમારીઝ કેન્દ્રની મુલાકાત લીધી હતી. કેન્દ્રનાં સંચાલિકા રાજયોગિની કૈલાસદીદીએ શિવબાબાના ઘરે તેમનું હાર્દિક સ્વાગત, અભિવાદન કર્યું હતું. આ કેન્દ્રની મુલાકાતે પ્રથમ વખત આવેલા ડૉ. સ્ટેલીન અહીંની પવિત્રતા અને શાંતિમય વાતાવરણથી ખૂબ પ્રભાવિત થયા હતા. તેમણે અહીંના ધ્યાન યોગ કક્ષની ખાસ મુલાકાત લીધી હતી અને ધ્યાનનો અનુભવ પણ કર્યો હતો.